જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૨/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૬૨૪/૧૫

## ચોરીના એકટીવા સાથે એક ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ક્રાઇમ બ્રાન્ચના મ.પો.કમિ.શ્રીએ મિલ્કત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચના અન્વયે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ સ્કોડના અધિ.તથા કર્મચારીઓને આપેલ સુચના આધારે સ્કોડના પો.સ.ઇ.શ્રી સી.બી.ચૌધરી તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.દિપકકુમાર સોમાભાઇને મળેલ ચોકકસ બાતમી આધારે આરોપી નીમેષ ઉર્ફે સાગર s/o મેઘરાજભાઇ વિશ્વનાથભાઇ બાકલે ઉવ.૨૧, રહે.ફલેટ નંબર બી-૧૬, મનમોતી ફલેટ, ફીઝીકલ ગ્રાઉન્ડ સામે, ખોખરા, અમદાવાદ શહેર નાને તા.૩૦.૧૨.૨૦૧૫ ના કલાક ૧૩.૧૫ વાગે પકડી અટક કરેલ છે.સદરી ઇસમ પાસેથી એક એકટીવા મોપેડ નંબર પ્લેટ વગરનું કિં.રુ.૨૦,૦૦૦.૦૦ નુ મળી આવતા જે સબંધે સદરીની યુકિતપ્રયુકિતથી પુછપરછ કરતા તેમજ સદર મોપેડના એન્જીન તથા ચેસીસ નંબર આધારે એકલવ્ય સોફટવેર મારફતે ચકાસણી કરતા સદર એકટીવા મોપેડ અમરાઇવાડી પો.સ્ટે.વિસ્તારમાંથી ચોરી થયેલ હોવાનું અને આ બાબતે અમરાઇવાડી પો.સ્ટે.માં ફ.ગુરનં.૬૨/૧૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો વાહન ચોરીનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનો શોધી કાઢેલ છે.

ઉપરોકત પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલનું એકટીવા મોપેડ અમરાઇવાડી પો.સ્ટે.ને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)